**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

અખબારી યાદી

# સોમાલી ચાંચિયા એ ગંભીર બાબત છે
# સરકાર સમુદ્રી સુરક્ષા સઘન બનાવી રહી છે : શ્રી એન્ટોની

**ઓગષ્ટ ૧૭, ૨૦૧૧ :** રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ સોમાલી ચાંચિયાની ભારતીય જળ સીમામાં ઘૂસણખોરી અંગે આજે ગૃહમાં સરકાર દ્વારા સાગર કાંઠાની સુરક્ષા માટે, ખાસ કરીને ગુજરાત કાંઠા માટે શું પગલાં લેવામાં આવ્યા છે તે બાબતે પૃચ્છા કરી હતી. કેન્દ્રના સંરક્ષણ પ્રધાન શ્રી એ. કે. એન્ટોનીએ જણાવ્યું હતું કે, સોમાલિયાના સાગર કાંઠે ચાંચિયાની પ્રવૃત્તિ એક વર્ષમાં સતત વધી છે અને તે ગંભીર ચિંતાનો વિષય છે.

મંત્રીશ્રીએ તેમના જવાબમાં સ્વીકાર્યું કે પૂર્વ અરેબિયન સમુદ્રના લક્ષ્યદ્વીપ અને મીનિકોય ટાપુ વિસ્તારમાં ચાંચિયાગીરીના કેટલાક બનાવો બન્યા છે, જેને ભારતીય નૌસેના દ્વારા નિષ્ફળ બનાવાયા છે. બીજા બે અલગ અલગ બનાવોમાં ૧૯મી જૂન ૨૦૧૧ અને ૨૬મી જૂન ૨૦૧૧ના રોજ ૩૮ શખસોની ધરપકડ ગુજરાતના સાગર કાંઠે પોલીસ દ્વારા કરવામાં આવી છે. જે પૈકીના ૩૨ સોમાલી નાગરિક છે, તેમ તેમણે જણાવ્યું હતું.

સરકાર દ્વારા સાગર કાંઠાની સલામતિ સુદ્રઢ બનાવવા અનેક પગલાં લેવાં શરૂ કર્યાં છે જેમાં ચાંપતી નજર અને તંત્રમાં સુધારો, તથા પેટ્રોલિંગ સઘન બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે ટાપુ સહિતના કિનારા વિસ્તારની સુરક્ષા માટે અપનાવવામાં આવેલ દ્રષ્ટિકોણની અસરકારકતા ચકાસવા નૌસેના, તટરક્ષક દળ, કસ્ટમ અને અન્ય તંત્ર દ્વારા સંયુક્ત સુરક્ષા અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

સંયુક્ત કેન્દ્રો અને વિવિધ એજન્સીઓના સમન્વય તંત્રના નિર્માણથી જાસુસી તંત્રને સરળ અને અસરકારક બનાવવામાં આવ્યું છે, તેમ શ્રી એન્ટોનીએ જણાવ્યું અને માહિતી આપી કે દેશનાં સંપૂર્ણ સાગર કાંઠા અને ટાપુઓને નિયંત્રીત કરવા રડારની સ્થાપના કરવાની કામગીરી પણ એક અનિવાર્ય પ્રકાર છે. ભારતીય નૌસેના અને તટ રક્ષક દળ બન્નેને દેખરેખ વધારવા અને સાગર કાંઠાને સુરક્ષિત રાખવા સંપૂર્ણ રીતે સજ્જ કરવામાં આવેલ છે, તેવી તેમણે ગૃહમાં ખાતરી આપતાં જણાવ્યું હતું.

★ ★ ★